CHAPTER - 2

Review Questions No: 8

Sutra 2-26 to 2-44

તત્ત્વાર્થ વિવરણ 12-13

Due Date: 9/3/2020

True/False

(1) — જીવ પરભવમાં જાય ત્યારે તેની સાથે કાર્મણ શરીર જ હોય

(૨) — વિગ્રહ ગતિમાં જીવ એક જ સમયમાં ઉત્પત્તિ સ્થાને પહોંચી જાય

(3) — વૈક્રિય શરીર ઔદારિક શરીર કરતાં મોટું જ હોય

(૪) — નારકમાં રહેતા જીવો નપુંસક છે.

(૫) — વિકલેન્દ્રિય જીવ એટલે બેઇન્દ્રિય-તેઇન્દ્રિય-અને ચઉરિન્દ્રિય જીવ

(૬) — હાથીનો જન્મ પોતજ કહેવાય છે.

(૭) — મારી સાથે વર્તમાનમાં માત્ર બે જ શરીર છે.

(૮) — વૈક્રિય અને આહારક શરીર એક સાથે ન હોય

(૯) — કાર્મણ શરીર અપ્રતિઘાતી છે.

(૧૦) — તૈજસ અને કાર્મણ શરીર દરેક સંસારી જીવને હોય

(૧૧) — અભવ્ય જીવ માટે તૈજસ અને કાર્મણ શરીર અનંતકાળ સુધી હોય

(૧૨) — તૈજસ અને કાર્મણ શરીરના આત્મપ્રદેશો આહારક શરીર કરતાં અનંતગુણા છે.

(૧૩) — સ્ત્રી-પુરુષના સંબંધ વિનાં જીવનો જન્મ ઉપપાત જન્મ કહેવાય

(૧૪) — સર્વ જીવોની કુલ ૮૪ લાખ યોનિ છે.

(૧૫) — નારક અને દેવની અચિત્ત યોનિ હોય છે.

(૧૬) — મનુષ્યની કુલ યોનિ ૧૪ લાખ છે.

(૧૭) — જન્મના ત્રણ ભેદ છે સંમૂર્છન, ગર્ભ અને વૈક્રિય

(૧૮) — મનુષ્યનો જન્મ જરાયુ કહેવાય છે.

(૧૯) — ૧૪ પૂર્વધર દરેક મુનિ આહારક શરીર બનાવી શકે.

(૨૦) — તૈજસ અને કાર્મણ શરીરની ગતિ સંપૂર્ણ લોકમાં થઈ શકે છે.

Tattvarth Sutra
Vivechan - 14

| જીવોના પ્રકાર | મૂળ ભેદ | વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન ૫x૨x૫x૮x૫ = | (મૂળભેદની સંખ્યા) x (૨૦૦૦) = કુલ યોનિ |
|---|---|---|---|
| પૃથ્વીકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| અપકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| તેઉકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| વાઉકાય | ૩૫૦ | ૨૦૦૦ | ૭ લાખ |
| પ્રત્યેક વનસ્પતિકાય | ૫૦૦ | ૨૦૦૦ | ૧૦ લાખ |
| સાધારણ વનસ્પતિકાય | ૭૦૦ | ૨૦૦૦ | ૧૪ લાખ |
| બેઈન્દ્રિય | ૧૦૦ | ૨૦૦૦ | ૨ લાખ |
| તેઈન્દ્રિય | ૧૦૦ | ૨૦૦૦ | ૨ લાખ |
| ચઉરિન્દ્રિય | ૧૦૦ | ૨૦૦૦ | ૨ લાખ |
| દેવતા | ૨૦૦ | ૨૦૦૦ | ૪ લાખ |
| નારકી | ૨૦૦ | ૨૦૦૦ | ૪ લાખ |
| તિર્યંચ પંચેન્દ્રિય | ૨૦૦ | ૨૦૦૦ | ૪ લાખ |

SUTRA 2-44

## ● એક સાથે કેટલા શરીર કયા જીવોને હોય ?

| ક્ર. | શરીર | જીવ |
|---|---|---|
| ૧ | તૈજસ, કાર્મણ | વિગ્રહગતિવાળા જીવોને |
| ૨ | તૈજસ, કાર્મણ, ઔદારિક | ભવસ્થ મનુષ્યો-તિર્યંચોને |
| ૩ | તૈજસ, કાર્મણ, વૈક્રિય | ભવસ્થ દેવો-નારકીઓને |
| ૪ | તૈજસ, કાર્મણ, ઔદારિક, વૈક્રિય | વૈક્રિયલબ્ધિધરમનુષ્ય-તિર્યંચવૈક્રિય શરીર બનાવે ત્યારે (ત્યારે ઔદારિક શરીર સાથે અવિચ્છિન્ન આત્મપ્રદેશ હોય છે.) |
| ૫ | તૈજસ, કાર્મણ, ઔદારિક, આહારક | આહારક લબ્ધિવાળા ચૌદ પૂર્વધર મહાત્મા આહારક શરીર બનાવે ત્યારે. (ત્યારે ઔદારિક શરીર સાથે અવિચ્છિન્ન આત્મપ્રદેશ હોય છે.) |

**આયુષ્ય**

- **અપવર્તનીય**
  - નિયમા સોપક્રમ જ હોય
    કોઈપણ નિમિત્તથી
    અકાળે આયુષ્ય તૂટી જાય
- **અનપવર્તનીય**
  - **સોપક્રમ**
    નિમિત્ત મળે તો પણ આયુષ્યની
    સ્થિતિ (કાળ) ઘટે નહીં.
    દા. ત. ગજસુકુમાલ,
    ખંધકમુનિના શિષ્યો
  - **નિરુપક્રમ**
    કોઈપણ નિમિત્ત પ્રાપ્ત
    થયા વિના સહજપણે
    પૂર્ણ થાય
    જેમ કે તીર્થંકરાદિનું
    આયુષ્ય

- પરભવનું આયુષ્ય ક્યારે બંધાય ?

| જીવો | પરભવાયુષ્ય ક્યારે બાંધે ? |
|---|---|
| નારકી, દેવો, અસંખ્ય વર્ષના આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | સ્વભવાયુષ્યના ૬ માસ બાકી હોય ત્યારે |
| એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, નિરુપક્રમ આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | સ્વભવાયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે |
| સોપક્રમ આયુષ્યવાળા મનુષ્ય-પંચેન્દ્રિય તિર્યંચ | સ્વભવાયુષ્યનો ત્રીજો ભાગ બાકી હોય ત્યારે, અથવા નવમો ભાગ બાકી હોય ત્યારે, અથવા સત્યાવીશમો ભાગ બાકી હોય ત્યારે, અથવા છેલ્લા અંતર્મુહૂર્તમાં |

# CHAPTER - 2

એકેન્દ્રિય, વિકલેન્દ્રિય, તિર્યંચ, મનુષ્ય, દેવ અને નારક પોતાના ભવમાંથી મૃત્યુ પામીને કયા કયા ભવમાં ઉત્પન્ન થઈ શકે? તેનું સમાધાન નીચેના ચાર્ટમાંથી મળે છે.

| વર્તમાન ભવ | એકેન્દ્રિય | વિકલેન્દ્રિય | તિર્યંચ | મનુષ્ય | દેવ | નારક |
|---|---|---|---|---|---|---|
| પૃથ્વી-અપ-વનસ્પતિ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✗ |
| તેઉકાય - વાઉકાય | ✓ | ✓ | ✓ | ✗ | ✗ | ✗ |
| વિકલેન્દ્રિય | ✓ | ✓ | ✓ | ✓ | ✗ | ✗ |
| તિર્યંચ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| મનુષ્ય | ✓ | ✓ | ✓ | ✓ | ✓ | ✓ |
| દેવ | બે દેવલોક સુધીના દેવો પૃથ્વી-અપ- અને વનસ્પતિમાં જન્મે છે. | ✗ | ✓ | ✓ | ✗ | ✗ |
| નારક | ✗ | ✗ | ✓ | ✓ | ✗ | ✗ |

6

Tattvarth Sutra
Vivechan - 14



## ઈન્દ્રિય-પ્રાણ-પર્યાપ્તિ

| જીવ | ઈન્દ્રિય | કુલ | પ્રાણ | કુલ | પર્યાપ્તિ | કુલ |
|---|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય | (૧) | સ્પર્શનેન્દ્રિય<br>કાયબળ<br>શ્વાસોચ્છ્વાસ<br>આયુષ્ય | (૪) | આહાર<br>શરીર<br>ઈન્દ્રિય<br>શ્વાસોચ્છ્વાસ | (૪) |
| બેઈન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય | (૨) | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય<br>વચનબળ<br>કાયબળ<br>શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | (૬) | આહાર<br>શરીર<br>ઈન્દ્રિય<br>શ્વાસોચ્છ્વાસ<br>ભાષા | (૫) |
| તેઈન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય<br>ઘ્રાણેન્દ્રિય | (૩) | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય<br>વચનબળ, કાયબળ,<br>શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | (૭) | ઉપર પ્રમાણે | (૫) |
| ચઉરિન્દ્રિય | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય<br>ઘ્રાણેન્દ્રિય<br>ચક્ષુરિન્દ્રિય | (૪) | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય,<br>ચક્ષુરિન્દ્રિય<br>વચનબળ, કાયબળ,<br>શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય, | (૮) | ઉપર પ્રમાણે | (૫) |
| પંચેન્દ્રિય<br>અસંજ્ઞી | સ્પર્શનેન્દ્રિય<br>રસનેન્દ્રિય<br>ઘ્રાણેન્દ્રિય<br>ચક્ષુરિન્દ્રિય<br>શ્રોત્રેન્દ્રિય | (૫) | પાંચઈન્દ્રિય<br>વચનબળ, કાયબળ<br>શ્વાસોચ્છ્વાસ, આયુષ્ય | (૯) | ઉપર પ્રમાણે | (૫) |
| પંચેન્દ્રિય<br>(સંજ્ઞી) | પાંચે પાંચ ઈન્દ્રિય | (૫) | પાંચઈન્દ્રિય<br>મનબળ<br>વચનબળ, કાયબળ<br>શ્વાસોચ્છ્વાસ, આયુષ્યમન | (૧૦) | આહાર<br>શરીર, ઈન્દ્રિય<br>શ્વાસોચ્છ્વાસ, ભાષા,<br>મન | (૬) |